# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-08-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Saturday** **National News**

## આકાશવાણી સમાચાર **ખ્યાતિ પુરોહિત** વાંચે છે.

*******************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ત્રીજી વોઇસ ઓફ ગ્લોબલ સાઉથ શિખર સમિટના સમાપન પ્રસંગે સંયુક્ત વૈશ્વિક વિકાસનો પ્રસ્તાવ રજૂ કર્યો..
- ✓ કોલકતામાં મહિલા તબીબ સાથે થયેલા કથિત દુષ્કર્મ અને હત્યાનાં વિરોધમાં આજે દેશભરમાં તબીબોની હડતાળ- આરોગ્ય મંત્રાલયે તબીબોને ફરજ પર પરત ફરવા અપીલ કરી..
- ✓ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે કે, ભારતમાં મંકીપોક્સનો એકપણ કેસ નોંધાયો ન હોવા છતા તકેદારી જરૂરી.. દિલ્હીમાં સમીક્ષા બેઠક યોજાઇ,,
- ✓ આગામી પાંચ વર્ષમાં દેશની ફોજદારી ન્યાય પ્રણાલી વિશ્વની સૌથી આધુનિક ન્યાય પ્રણાલી બનશે, તેવો વિશ્વાસ વ્યક્ત કરતાં કેન્દ્રીય કાયદામંત્રી અર્જૂનરામ મેઘવાલ..
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે અમદાવાદમાં 188 વ્યક્તિઓને ભારતીય નાગરિકતા પત્ર એનાયત કરશે..ગાંધીનગર સંસદીય વિસ્તારમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુર્હૂત કરશે..

*******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM SOUTH VOICE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત વતી સંયુક્ત વૈશ્વિક વિકાસનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમણે કહ્યું કે, તેનો પાયો ભારતની વિકાસ યાત્રા અને વિકાસ ભાગીદારીના અનુભવ પર આધારિત હશે. તેમણે આજે ત્રીજી ગ્લોબલ સાઉથ વર્ચ્યુઅલ સમિટના સમાપન ભાષણમાં આ વાત કહી હતી. તેમણે કહ્યું કે, આજની ચર્ચાએ સાથે મળીને આગળ વધવાનો માર્ગ મોકળો કર્યો છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ચર્ચા વૈશ્વિક દક્ષિણ રાષ્ટ્રો દ્વારા નિર્ધારિત લક્ષ્યો હાંસલ કરવાના પ્રયાસોને વેગ આપશે.

અગાઉ, પ્રધાનમંત્રીએ ગ્લોબલ સાઉથના રાષ્ટ્રોને એકબીજાની તાકાત બનવા માટે એકજૂથ થવાનું આહ્વાન કર્યું હતું. તેમણે અનિશ્ચિતતા અને પડકારોના વર્તમાન વૈશ્વિક વાતાવરણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

**(બાઇટ-પ્રધાનમંત્રી)**

## IRAQ-GLOBAL SOUTH SUMMIT

ઈરાકે ૩જી વોઈસ ઓફ ગ્લોબલ સાઉથ સમિટનું આયોજન કરવા બદલ ભારત સરકારની પ્રશંસા કરી છે. ઇરાકના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશ બાબતોના મંત્રી, ફુઆદ હુસૈને આજે 'Empowering the Global South for a Sustainable Future' થીમ હેઠળ યોજાયેલી બેઠકમાં વર્ચ્યુઅલ રીતે ભાગ લીધો હતો.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઇરાક, ગ્લોબલ સાઉથનો અભિન્ન ભાગ છે અને ટકાઉ અને સમૃદ્ધ ભવિષ્ય માટે સહિયારા કાર્યો કરવા

પ્રતિબદ્ધતા ધરાવે છે. સમિટમાં શ્રી હુસૈને આબોહવા પરિવર્તન, ઉર્જા સુરક્ષા અને ટકાઉ વિકાસ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓને સંબોધવા માટે વિકસિત દેશો સાથે સામૂહિક પગલાંના મહત્વ પર પણ વાત કરી હતી.

## DOCTORS PROTEST

કોલકાતામાં મહિલા તબીબ સાથે થયેલા કથિત દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં આજે દેશના વિવિધ રાજ્યોમાં તબીબો હડતાળ કરી રહ્યા છે.

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં નિવાસી ડોકટરો અને અનેક તબીબી વિદ્યાર્થીઓએ આજે દિવસ દરમિયાન વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ગુજરાતમાં આજે ઓપીડી તેમજ તમામ તબીબી પ્રક્રિયાથી તબીબો અળગા રહ્યા છે.. જો કે, ઇમરજન્સી સેવાઓ ચાલુ રાખવામાં આવી છે.

મુંબઈમાં સાયન, નાયર અને કૂપર હોસ્પિટલના નિવાસી ડૉક્ટરોના સંગઠને આજે આઝાદ મેદાનમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું.

બિહારમાં પણ આરોગ્ય સુવિધાઓને ગંભીર રીતે અસર થઈ છે.  પટના આરોગ્ય મહાવિદ્યાલય તેમ જ હૉસ્પિટલ, નાલંદા આરોગ્ય મહાવિદ્યાલય, હૉસ્પિટલ અને ઇન્દિરા ગાંધી આરોગ્ય વિજ્ઞાન સંસ્થાન, પટનામાં ઇમરજન્સી અને ઓપીડી સુવિધાઓ બંધ હોવાથી દર્દીઓને હાલાકી ભોગવવી પડી છે.

## HEALTHY MINISTRY- DOCTORS STRIKE

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે, ડોકટરો અને આરોગ્ય વ્યવસાયિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ શક્ય પ્રયાસો કરવાની ખાતરી આપી છે.

મંત્રાલયે કહ્યું કે, આરોગ્ય વ્યવસાયિકોની સલામતી સુનિશ્ચિત કરવા પગલાં સૂચવવા માટે એક સમિતિની રચના કરવામાં આવશે. મંત્રાલયે કલકતાની આર.જી. કાર મેડિકલ કોલેજમાં મહિલા ડૉક્ટર પર કથિત સામૂહિક દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં સુરક્ષાની માંગણી સાથે હડતાળ પર ઉતરેલા ડૉક્ટરોને કામ પર પાછા ફરવાની અપીલ કરી છે. ડેન્ગ્યુ અને મેલેરિયાના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને મંત્રાલયે, આંદોલનકારી ડોકટરોને જાહેર હિતમાં તેમના કામ પર પાછા ફરવા વિનંતી કરી છે.

## KIRAN RIJIJU

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું છે કે, કોલકાતામાં ડૉક્ટરની બળાત્કાર અને હત્યાને લઈને માત્ર આરોગ્ય વિભાગ જ નહીં પરંતુ સમગ્ર દેશ ચિંતિત છે. આજે ભુવનેશ્વરમાં મીડિયા સાથે વાત કરતા, તેમણે કહ્યું કે, આ ઘટના બાદ સલામતી અને સુરક્ષા અંગે સતત ચિંતા છે અને તે એકલા તબીબી કર્મચારીઓને અસર કરતી બાબત નથી. શ્રી રિજિજુએ એમ પણ કહ્યું કે પશ્ચિમ બંગાળની ઘટના પર રોષ છે અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આ બાબતે યોગ્ય પગલાં લીધાં છે.

## HEALTH--MONKEYPOX

વિશ્વ આરોગ્ય સંસ્થા-WHOએ મંકીપૉક્સ રોગને આંતરરાષ્ટ્રીય આરોગ્ય ઇમરજન્સી જાહેર કરતાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ આજે મંકીપોક્સ રોગ અંગે નવી દિલ્હીમાં સમીક્ષા બેઠક યોજી હતી.

આ બેઠકમાં શ્રી નડ્ડાએ મંકીપોક્સના લક્ષણો દેખાય તો રોગના ફેલાવાને રોકવા તેમજ તેને નિયંત્રિત કરવા જરૂરી પગલાં ભરવાના આદેશ આપ્યા હતાં. બેઠકમાં દેશનાં તમામ હવાઇમથક, દરિયાઈ બંદરો સહિત તમામ સંવેદનશીલ સ્થળોએ મંકીપોક્સનાં કેસો શોધવા તેમજ આરોગ્ય સુવિધાઓ વધુ સુસજ્જ કરવા સહિતનાં નિર્ણયો લેવાયા હતાં.

આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડા એ જણાવ્યું હતું કે, ભારતમાં હજુ સુધી મંકીપૉક્સનો એકપણ કેસ નોંધાયો નથી, તેમજ આ સામાન્ય ચેપગ્રસ્ત રોગ હોવાથી તેની અસર બે થી ચાર અઠવાડિયા સુધી રહે છે.. જો દર્દી પૂરતી તકેદારી રાખે તો ઝડપથી સ્વસ્થ થઇ શકે છે.

## KERALA - ARJUN RAM MEGHWAL

કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલે આજે જણાવ્યું હતું કે, ભારતીય ન્યાય સંહિતા આગામી પાંચ વર્ષમાં દેશની ફોજદારી ન્યાય પ્રણાલીને વિશ્વમાં સૌથી આધુનિક બનાવશે.

કોચીમાં કેરળ હાઈકોર્ટ ખાતે કેન્દ્ર સરકારના વકીલોની રાજ્ય સ્તરીય પરિષદનું ઉદ્ઘાટન કરતાં તેમણે આ મુજબ જણાવ્યું હતું..તેમણે વધુમાં ઊમેર્યું કે, સુશાસન માટે ઝડપી અને કાર્યક્ષમ ન્યાય વ્યવસ્થા જરૂરી છે તેમજ ઝડપી ન્યાય એ દરેક નાગરિકનો મૂળભૂત અધિકાર છે. આ ઉપરાંત ભારતીય ન્યાય સંહિતા યોગ્ય તૈયારી અથવા પરામર્શ વિના

લાવવામાં આવી હોવાના આરોપને તેમણે ફગાવી દીધો હતો, અને 2019 થી હિતધારકો સાથે વિવિધ સ્તરે ચર્ચા કરવામાં આવી હોવાનું પણ જણાવ્યું હતું.

## AMIT SHAH- NAGRIK PATRA

દેશમાં લાગુ કરવામાં આવેલા સિટીઝન એમેડમેન્ટ એક્ટ (CAA) અંતર્ગત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ૧૮૮ વ્યક્તિઓને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.. જે વ્યક્તિઓએ પડોશી દેશોમાં દમનને કારણે ભારતમાં આશ્રય મેળવ્યો છે, તેમને નાગરિકતા પ્રદાન કરાશે. ગુજરાતના અમદાવાદના બોડકદેવ ખાતે આયોજીત આ સમારંભમાં યોગ્ય પાત્રતા ધરાવતા લોકોને નાગરિકતા પ્રમાણપત્ર આપવામાં આવશે.

દરમિયાન, શ્રી શાહ આવતીકાલે અમદાવાદમાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહર્ત કરશે. શ્રી શાહ આવતીકાલે સવારે પોણા દસ વાગ્યે શહેરનાં થલતેજ ખાતે ઓક્સિજન પાર્ક અને તળાવનું લોકાર્પણ કરશે. ત્યારબાદ હરિયાળી લોકસભા હેઠળ વેજલપુરમાં મિશન મિલિયન ટ્રી યોજના હેઠળ વૃક્ષારોપણ, મકરબા ખાતે નવનિર્મિત સ્વિમિંગ પુલ અને જીમ્નેશિયમનું લોકાર્પણ કરશે.

ત્યારબાદ પ્રહલાદનગરમાં અમદાવાદ મહાનગરપાલિકાના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહર્ત અને લોકાર્પણ અને બોડકદેવ ખાતે CAA નાગરિકતા પ્રમાણપત્ર વિતરણનાં જાહેર કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત

નારણપુરા વિધાનસભામાં નવનિર્મિત મામલતદાર કચેરીનું લોકાર્પણ અને સાંજે 6.30 કલાકે શ્રી શાહ સુભાષ બ્રીઝ નજીક નારણપુરા કાર્યકર્તા સંમેલન યોજશે.

## EVE. BJP OFFICE-BEARERS MEET

ભાજપનાં રાષ્ટ્રીય પ્રમુખ જે. પી. નડ્ડાની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં ભાજપના પદાધિકારીઓની બેઠક ચાલી રહી છે. આ બેઠકમાં આગામી સમયમાં યોજાનાર જમ્મુ- કાશ્મીર અને હરિયાણા વિધાનસભાની ચૂંટણીઓ, ભાજપની સભ્ય નોંધણી ઝુંબેશ અને સંગઠનને વધુ મજબૂત બનાવવા સહિતનાં મુદ્દાઓ પર ચર્ચા થવાની સંભાવના છે..

આ બેઠકમાં પક્ષના રાષ્ટ્રીય પદાધિકારીઓ, રાજ્યના પ્રભારી અને સહ-પ્રભારીઓ, પ્રદેશ ભાજપ પ્રમુખો સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા છે. નોંધનીય છે કે લોકસભાની ચૂંટણી બાદ ભાજપની હોદ્દેદારો સાથેની આ પ્રથમ બેઠક યોજાઈ રહી છે.

## RAJNATH SINH

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આવતીકાલે ચેન્નાઇ ખાતે ભારતીય કોસ્ટ ગાર્ડનાં અત્યાધુનિક રેસ્ક્યુ કો-ઓર્ડિનેશન સેન્ટરનું ઉદ્ઘાટન કરશે. તેમજ ચેન્નાઈમાં મરીન પોલ્યુશન રિસ્પોન્સ સેન્ટર અને પુડુચેરીમાં કોસ્ટ ગાર્ડ એર એન્ક્લેવનું પણ ઉદ્ઘાટન કરશે, જે દરિયાઈ પ્રદુષણ ઘટાડવા તેમજ દરિયાઈ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે નિર્ણાયક સાબિત

થશે. ઉદ્ઘાટન બાદ રાજનાથ સિંહના હસ્તે એમ કરુણાનિધિની જન્મ શતાબ્દીના સન્માનમાં એક સ્મારક સિક્કો પણ બહાર પાડવામાં આવશે.

## LEBANON-ISRAEL

દક્ષિણ લેબનોનના નાબાતીહ જિલ્લામાં આજે વહેલી સવારે એક રહેણાંક મકાન પર ઇઝરાયેલના હવાઈ હુમલામાં દસ લોકો માર્યા ગયા છે. લેબનોનના લશ્કરી સૂત્રોએ જણાવ્યું હતું કે, બુલડોઝર અને ક્રેન્સથી સજ્જ સિવિલ ડિફેન્સ અને ઇસ્લામિક હેલ્થ ઓથોરિટીની ઘણી ટીમો હજુ પણ નાશ પામેલા ઘરના કાટમાળને દૂર કરવા માટે કામ કરી રહી છે.

## PARIS-PARALYMPICS

પેરિસમાં આગામી 28મી ઓગસ્ટથી 8મી સપ્ટેમ્બર સુધી પેરાલિમ્પિક્સ રમત યોજાશે, જેના ઉદ્ઘાટન સમારોહમાં ટોક્યો પેરાલિમ્પિક્સના સુવર્ણ ચંદ્રક વિજેતા સુમિત એન્ટિલ અને શોટ-પુટ સ્ટાર ભાગ્યશ્રી જાધવ ભારતીય દળના ધ્વજારોહક રહશે. આ વર્ષે 84 ખેલાડીનું સૌથી મોટું દળ પેરિસ પેરાલિમ્પિક્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષના ભારતના ધ્વજારોહક સુમિત પુરુષોની ભાલા ફેંક સ્પર્ધામાં F-64 શ્રેણીમાં પેરાલિમ્પિક્સ ચેમ્પિયન છે.

તો ભાગ્યશ્રીએ 2022ની એશિયન પેરાગેમ્સમાં શોટ પુટ F-34 શ્રેણીમાં રજત ચંદ્રક જીત્યો હતો અને ટોક્યો પેરાલિમ્પિક્સમાં સાતમું સ્થાન

મેળવ્યું હતું. ભાગ્યશ્રીએ આ વર્ષે મે મહિનામાં યોજાયેલા પેરા-એથ્લેટિક્સ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં